**ફોજદારી પરચુ અરજી નં.૩૬૬૦/૨૦૨૪**

## આંક–૧ હેઠળ હુકમઃ–

(૧) અરજી તથા અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લીધા , અરજદાર તરફે વિ.વકીલશ્રીને સાંભળ્યા.તથા સામાવાળા વકીલ શ્રી ને સાંભળ્યા.

(૨) આ કામના અરજદાર દ્વારા આ કામના સામાવાળા વિરુધ્ધ તારીખ ૨૯/૦૬/૨૦૨૪ ના રોજ ફોજદારી કેસ નં.૩/૨૦૧૪ ના કામમાં ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ–૨૦૦૬ની કલમ ૨૬(૧),૨૬(૨)(i)(ii)(iv) and (v) & 26(2)(v) તથા 27(1)27(2)(c),27(3)(c)(E),30(2)(a) & S.52(1),58 S.59 મુજબની ફરીયાદ દાખલ કરેલ હતી જે ગુનાના કામે આરોપીને રુ.૧૦,૦૦૦/– નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધી ની સજાનો હુકમ નીચેની અદાલત દ્વારા ફરમાવવામાં આવેલ હતો.આ હુકમ વિરુધ્ધ માં અરજદાર ને ફોજદારી રીવીઝન અરજી દાખલ કરવામાં ૨૭ દીવસ નો વિલંબ થયેલ છે જે ૨૭ દીવસનો વિલંબ માફ કરવા માટે સદરહું અરજી દાખલ કરવામાં આવેલ છે.જે રીવીઝન ના કામે સામાવાળા તરફે વિ.વ.શ્રી આર.કે.દલ નાઓને સાંભળ્યા.જેમના દ્વારા વિલંબ અરજી મંજુર કરવા સામે વાંધો હોવાનું મૌખીક તેમજ લેખીત વાંધા રજુ કરવામાં આવેલ છે.

(૩) બંને પક્ષના વિ.વ શ્રી ઓ ની દલીલો ધ્યાને લીધી.કેસની હકીકત જોતા હાલની અરજી દાખલ કરવા માટે ૨૭ દીવસનો વિલંબ થયા અંગેનું દર્શાવેલ છે.અરજદાર દ્વારા રીવીઝન અરજી દાખલ કરવા માટે જુદા જુદા અધિકારીશ્રીઓ સમક્ષ ફાઈલ રજુ કરી મંજુરી લેવાની હોય છે તેમજ અરજદાર નાઓને રાજકોટ શહેર ની હદ વધવાના કારણે અનેક જુદી જુદી જગ્યાએ ચેકીંગ કરવાની કામગીરી હોય તથા જુદી જુદી જગ્યાએ ફુડના ચેકીંગનું કામનું ભારણ રહેતુ હોય હાલની રીવીઝન અરજી દાખલ કરવા માટે દીન–૨૭ નો વિલંબ થયેલ છે તેવી હકીકતો જણાવેલ છે.આ હકીકત સામે વિલંબ માફ કરી રીવીઝન અરજી દાખલ કરવામાં આવે તો સામાવાળા ને કોઈ તેના ગુણદોષ ઉપર નુકશાન થાય તેમ જણાતું ન હોય જેથી હાલના અરજદારને રીવીઝન અરજી ગુણદોષ ઉપર ચલાવવાની તક આપવી ઉચિત જણાય છે. તેથી હાલની અરજી મંજુર કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

હાલની વિલંબ માફીની અરજી મંજુર કરવામાં આવે છે તથા સમય મર્યાદાના કાયદાની કલમ–૫ અન્વયે, **અરજદાર– કૌશીકકુમાર જયસુખલાલ સરવૈયા,ફુડ સેફ્ટી ઓફીસર,રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશન** ની રીવીઝન દાખલ કરવામાં થયેલ વિલંબ આથી માફ કરવામાં આવે છે. અરજદારની રીવીઝનને ફોજદારી રીવીઝન અરજી તરીકે રજીસ્ટરે લેવા હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજ તા.૨૨ એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ
તા. ૨૨/૦૪/૨૦૨૬

૦૮માં એડીશ્નલ સેશન્સ જજ,
રાજકોટ.